

Livewell Hospital, Ahmedabad

દુઃખાવા વિશેના
ઉપયોગી વીડિયો જોવા માટે
યુ ટ્યૂબ ચેનલ જુઓ

# દુખાવા અને મણકાના રોગને સમર્પિત

ISO 9001 : 2015 Certified Hospital



## દુખાવાની સંપૂર્ણ સારવાર


લીવવેલ હોસ્પિટલ

પાંચમો માળ, રુદ્ર આર્કેડ બી, હેલ્મેટ સર્કલ
ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨

**એપોઈન્ટમેન્ટ માટે**

98240 90435 I 98250 40252
info@livewellhospital.com
www.livewellhospital.com


Scan for Map

Mediclaim Cashless
Facilities Available
કેશલેસ મેડિક્લેઈમ સુવિધા ઉપલબ્ધ

લીવવેલ હોસ્પિટલ









# Livewell Hospital Your Pathway to Pain-FreeLiving

## કયા કયા દુખાવાની સારવાર

- કમરનો દુખાવો
- સયાટીકા
- ગરદનનો દુખાવો
- રાઝણ
- મણકાનો દુખાવો
- ખભાનો દુખાવો
- ઢીંચણનો દુખાવો
- ગાદીનો દુખાવો
- પગનો દુખાવો
- ટ્રાયજેમીનલ ન્યુરાલજીયા
- હાથ અને પગમાં થતી ઝણઝણાટી
- કેન્સરથી થતાં દુખાવાનો અદ્યતન પદ્ધતિથી ઈલાજ
- ખસી ગયેલા મણકાની સારવાર

## લીવવૅલ કેમ?

- અદ્યતન પદ્ધતિના ઉપયોગથી દુખાવાનું ઉત્પતિસ્થાન નક્કી કરવા.
- દુખાવાની સારવાર માટે.
- દુખાવાની **(Pain Killer)** દવાઓ પર કાયમી આધારમાંથી છૂટકારો મેળવવા અગર તેના ઓછામાં ઓછા ઉપયોગ માટે.
- અતિશય દુખાવો સહન કરતાં દર્દીઓને સામાન્ય શારીરીક સ્થિતિમાં લાવવા પ્રયત્ન કરવા.
- કાયમી / લાંબા ગાળાના દુખાવા રહિત રોજીંદા જીવન માટે.
- ઓછી ખર્ચાળ પદ્ધતિથી દુખાવામાં રાહત મેળવવા.

લીવવૅલ હૉસ્પિટલ એ અમદાવાદનાં હાર્ટ સમા ડ્રાઈવ ઈન રોડ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલી સુવિધા છે, જ્યાં દુખાવાની અસરકારક તથા શ્રેષ્ઠતમ સારવાર ઉપલબ્ધ છે. લીવવૅલ હૉસ્પિટલમાં રેડિયો ફ્રિક્વન્સી (Cosman, USA), Flat Panel C-Arm, સ્પાઈન એન્ડોસ્કોપી જેવા અત્યાધુનિક સાધનોથી સજ્જ હાઈ-ટેક ઑપરેશન થિયેટર, ઈન્ડોર રૂમ્સ, આરામદાયક વેઈટીંગ લોન્જ આવેલું છે. હૉસ્પિટલ પર ઉપલબ્ધ તમામ મશીનો, સાધનો અને ડિવાઈસીઝ ઉચ્ચ ગુણવત્તાયુક્ત છે અને તે શ્રેષ્ઠ પરિણામની ખાતરી આપે છે.

## કઈ રીતે સારવાર?

દર્દના પ્રમાણ અનુસાર જરૂર મુજબ દવાઓ, ફિઝીયોથેરાપી અને હળવી કસરતો દ્વારા શક્ય હોય તો સારવાર આપવામાં આવે છે. વધારે અને લાંબા ગાળાના દર્દની રાહત માટે જરૂર જણાય તો અતિ આધુનિક સાધનોથી ઈન્ટરવેન્શનલ પદ્ધતિથી સારવાર કરવામાં આવે છે. અમુક કિસ્સા ઑપરેશન પણ કરવામાં આવે છે.

## ઇન્ટરવેન્શનલ પદ્ધતિ એટલે શુ?

ઈન્ટરવેન્શનલ પેઈન મેનેજમેન્ટની પદ્ધતિ વિકસિત દેશો જેવાં કે અમેરીકા, યુરોપ વગેરેમાં ઘણા વર્ષોથી પ્રચલિત છે.

આ પદ્ધતિમાં દુખાવાનાં ભાગ કે તેની નજીકનાં ભાગમાં ઈન્જેક્શન આપવામાં આવે છે. લાઈવ એક્સ-રે (IITV) મશીનથી જોતા દુખાવાનાં ભાગ સુધી સોંય પહોંચાડાય છે અને ત્યાં દવા અથવા રેડિયો ફ્રિક્વન્સીથી સારવાર આપીને ત્યાંથી ઉદ્‌ભવતા દુખાવાનાં સંવેદનો અટકાવાય છે.

ઈન્ટરવેન્શનલ પ્રોસિજર્સમાં નર્વ બ્લોક, નર્વ એબ્લેજન, સ્પાઈન એન્ડોસ્કોપી, રેડિયો ફ્રિક્વન્સી પ્રોસીજર્સ, ફ્લુોરોસ્કોપીક ગાઈડેડ ઈન્જેક્શન, નર્વ-સ્ટીમ્યુલેશન થેરાપી અને ઈન્ટ્રાથીકલ ઈમ્પ્લાન્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે.

## ઇન્ટરવેન્શનલ પ્રોસિજર્સના ફાયદા

- પ્રોસિજર્સ કરતી વખતે દુખાવો થતો નથી.
- ફક્ત સોંય દ્વારા થતી પ્રોસિજર્સ.
- ચામડી બહેરી કરી કરવામાં આવતી પ્રોસિજર્સ.
- લાઈવ એક્સ-રે મશીનથી જોતા જોતા કરવામાં આવે છે, જેથી એક્યુરસી (ચોક્કસતા) જળવાઈ રહે છે.
- પ્રોસિજર્સ પછી તરત જ વ્યક્તિ નોર્મલ જીવન જીવી શકે છે.
- દુખાવાની દવાઓથી છુટકારો.
- ઓછી ખર્ચાળ પદ્ધતિ છે.
- ઑપરેશનથી બચી શકાય છે.

Scan for Video

## Treatment Options

- Transforaminal Block
- Facet Joint Block
- Radio-Frequency Nerve Ablation
- Pyriformis Injections
- Percutaneous Adhesionolysis
- DRG Pulsed Radio Frequency
- Spinal Cord Stimulator
- Vertebroplasty - Kyphoplasty
- Trigeminal Ganglion Radio Frequency
- Cancer Pain
- Celiac Plexus Block
- Hypogastric Block
- Ganglion Impar Block
- Intra-Thecal Pump
- Stellate Ganglion Block
- Splanchnic Nerve Block
- Lumbar Sympathetic Block
- Knee Injection
- Endoscopic Disc Removal - Transforaminal
- Spine Surgery

## લીવવેલ હોસ્પીટલમાં થતી સારવાર

- કમરના દુખાવાની સારવાર
- ખસી ગયેલી ગાદીની સારવાર
- દુરબીન વડે કમર/ગરદનના મણકાની સારવાર
- કમરમાં ઈન્જેકશન વડે થતી સારવાર
- કમરના સ્ક્રુ પ્લેટ વડે થતા ઓપરેશન
- ગરદનના દુખાવાની ઈન્જેકશન વડે સારવાર
- ગરદનના દુખાવાની દુરબીન વડે સારવાર
- ગરદનમાં ખસી ગયેલી ગાદીના ઓપરેશન
- ઢીંચણના દુખાવાની સારવાર જેલી વડે
- ઢીંચણ બદલવાના ઓપરેશન
- મોં ઉપર આવતા કરંટના ઝાટકાની સારવાર રેડીયો ફીક્વન્સી વડે

# ડૉ. હિતેશ પટેલ

**MD, FIPP**

(Fellow of Interventional Pain Practice)USA



## પેઈન સ્પેશ્યાલીસ્ટ

લીવવૅલ હૉસ્પિટલ નાં ડિરેક્ટર ડૉ. હિતેશ પટેલ (MD, FIPP (Fellow of Interventional Pain Practice)USA) **Pain Specialist** છે. અમેરીકામાં તાલીમ મેળવવાનો અને કામ કરવાનો અનુભવ મેળવવા ઉપરાંત ડૉ. હિતેશ પટેલ મુંબઈમાં બ્રિચકેન્ડી, ફોર્ટીસ તથા કલકત્તાની ચાર્નોક હૉસ્પિટલમાં પેઈન સ્પેશ્યાલીસ્ટ તરીકે કામ કરી ચૂક્યા છે. ડૉ. હિતેશ પટેલ તમામ પ્રકારની ઈન્ટરવેન્શનલ પેઈન મેનેજમેન્ટ ટેકનીક્સનો બહોળો અનુભવ ધરાવે છે.

ટ્રાન્સફોરામિનલ એન્ડોસ્કોપી, રેડિયો ફ્રિક્વન્સી નર્વબ્લોક, ડાયગ્નોસ્ટીક એન્ડ થેરાપ્યુટીક સીલેક્ટીવ નર્વ રૂટ બ્લોક, ફેસેટ બ્લોક, ઈન્ટ્રાડીસ્કલ પ્રોસીજર્સ, ન્યુક્લિઓ પ્લાસ્ટી, વર્ટીબ્રો પ્લાસ્ટી, જેવી અત્યાધુનિક ટેકનિક તેમજ ઈન્ટ્રાથીકલ ઓપીયોડ પંપ, સ્પાઈનલ કોડ સ્ટીમ્યુલેટર જેવા ડીવાઈસ ઈમ્પલાન્ટ પદ્ધતિનો પણ બહોળો અનુભવ ધરાવે છે.

ડૉ. હિતેશ પટેલ ઈન્ડીયન સોસાયટી ફોર સ્ટડી ઓફ પેઈન (ISSP) નાં અમદાવાદ બ્રાન્ચના સેક્રેટરી છે.આ ઉપરાંત ડૉક્ટર ISAP (International Association of Study of Pain) સાથે પણ સંકળાયેલા છે. ડૉક્ટર જગત તથા લોકોમાં પેઈન મેનેજમેન્ટ વિશે જાગૃતિ ફેલાવવાનાં કાર્યમાં સક્રિય પણે જોડાયેલા છે.

## Awards & Achievements






Entrepreneur Excellence Award




Business & Service Excellence Award




Indian Achievers Award for Health Care Excellence



FIPP Certificate




Training Certificate

# Awards & Achievements



**No.1 Center of Pain Management in Gujarat**




**"Excellence in Pain Management"**
**Specialist in Ahmedabad**

# Awards & Achievements




Awarded by Times of India as a
**"Times Health Icon Award"**
In a single specialty Hospital, in Pain Clinic




Awarded by Times of India as a
## Outstanding Contribution
to raise the standard of healthcare in Pain Clinic

# સયાટીકા - સ્લીપ ડીસ્ક (Sciatica)

સયાટીકા એટલે કે સ્લીપ ડીસ્ક જેને ગુજરાતીમાં રાઝણ તરીકે પણ ઓળખવામાં આવે છે. સયાટીકામાં કમરની ગાદી ખસી જવાથી કમરમાં નસો ઉપર દબાણ થાય છે.

## સયાટીકાનાં લક્ષણો

- પગમાં ઝણઝણાટી થવી (ખાલી ચડી જવી)
- ચાલતી વખતે પગ ભારે થઈ જવા
- પગમાં કીડીઓ ચડતી હોય તેવું લાગવું
- રાત્રે ઊંઘમાં પગની નસો ખેંચાતી હોય તેવું લાગવું
- આરામ કરવાથી દુખાવો થોડો ઓછો થાય છે

## સયાટીકાની તપાસ

એક્સ-રે, એમ.આર.આઈ. જેવા ટેસ્ટ દ્વારા કમરની ગાદી કેટલી ખસી ગઈ છે અને નસો ઉપર કેટલું દબાણ છે એ નક્કી કરવામાં આવે છે. તેના ઉપરથી સારવારનો પ્રકાર નક્કી કરવામાં આવે છે.

## સયાટીકાની સારવાર

**૧. દવાઓ અને કસરત:** સયાટીકાની શરૂઆતનાં તબક્કામાં દવાઓ અને ફિઝીયોથેરાપીની કસરતોથી સારવાર કરવામાં આવે છે.

**૨. ઈન્ટરવેશનલ પ્રોસિજર્સ:** દવાઓ અને કસરતથી જો આરામ ન થાય તો ઈન્ટરવેન્શનલ પ્રોસિજરથી ઘણો ફાયદો થાય છે. સયાટીકાના રોગ માટે લીવવૅલ હૉસ્પિટલનાં ડૉક્ટર દ્વારા લાઈવ એક્સ-રેની મદદથી કરાતી ઑપરેશન વગર સારવાર દ્વારા સયાટીકાનાં દર્દીને જલદીથી આરામ થઈ શકે છે.

### (A) ટ્રાન્સફોરામીનલ બ્લોક (Transforaminal Block)

જ્યારે સામાન્ય માત્રામાં ગાદી ખસી ગઈ હોય ત્યારે દર્દીને કમરમાં નસની આજુબાજુ ઈન્જેક્શન આપવામાં આવે છે, જેનાથી નસ ઉપરનો સોજો દૂર થાય છે અને દુખાવો દૂર થાય છે.

**(B) એન્ડોસ્કોપીક ડીસ્ક રીમુવલ (Endoscopic Disc Removal)** એન્ડોસ્કોપીક ડીસ્ક રીમુવલ એ એક અદ્યતન પદ્ધતિ છે, જે લેપ્રોસ્કોપીની જેમ કામ કરે છે. કમરની જે ગાદી ખસી ગઈ હોય તે ગાદીમાં સોય જેવું દૂરબીન દાખલ કરવામાં આવે છે. ત્યારબાદ દૂરબીનમાં જોતાં જોતાં ગાદીના ભાગને દૂર કરવામાં આવે છે. આ પ્રોસિજર ડાયરેક્ટ વિઝનમાં થતી હોવાંથી ઘણાં સારા પ્રમાણમાં ગાદી દૂર થાય છે અને દર્દી એક દિવસમાં ઘરે જઈ શકે છે. આ એક અદ્યતન અને ખૂબ જ સારા પરિણામ આપતી પ્રોસિજર છે.


**એન્ડોસ્કોપીક ડીસ્ક રીમુવલ માટે KARL-STORZ & RICHARD WOLF જર્મનીનાં ઈન્સ્ટ્રુમેન્ટ વપરાય છે.**

## આ બધી પ્રોસિજર્સનાં ફાયદા

૧ સયાટીકાની તકલીફ ઑપરેશન વગર દૂર થાય છે.
૨ ગાદીનો વધેલો ભાગ દૂરી કરી શકાય.
૩ માત્ર ચામડી બહેરી કરી કરવામાં આવતી પ્રોસિજર છે.
૪ ટૂંક સમયમાં રીકવરી આવી જાય છે.
૫ સર્જરીથી બચી શકાય છે.
૬ મોટી ઉંમરના દર્દીઓ, ડાયાબિટીસ, હૃદય રોગ તેમજ અન્ય રોગથી પીડાતા દર્દીઓની પણ સારવાર થઈ શકે છે.

## ઑપરેશન થી સારવાર

અમુક કિસ્સામાં જ્યારે મણકા કે ગાદીમાં વધારે તકલીક હોય કે વાકા ચુકા થઈ ગયા હોય તેવા સંજોગોમાં મણકાના ઑપરેશન કરવાની જરૂર પડે છે. લીવવૅલ હૉસ્પિટલનાં નિષ્ણાત સ્પાઈન સર્જનની ટીમ દ્વારા કમરના મણકા-ગાદીનાં ઑપરેશન કરવામાં આવે છે. જરૂર પડેતો મણકામાં સ્ક્રુ પ્લેટ વડે ઑપરેશન કરી શકાય છે.








Scan for Video

# કમરનો દુખાવો (Back Pain)

## કમરનો દુખાવો શું છે.

દુનિયામાં લગભગ દર દસમાંથી આઠ વ્યક્તિઓ તેમના જીવનકાળ દરમિયાન કમરનાં દુખાવાનો ભોગ બનતાં હોય છે. કમરનો દુખાવો એ રોગ નહીં પરંતુ રોગનું લક્ષણ છે. નિષ્ણાંત ડૉક્ટર કમરનાં દુખાવાનું યોગ્ય કારણ શોધી તેની સારવાર આપતાં હોય છે.



## કમરનાં દુખાવાનાં કારણો

- વધતી ઊંમર
- કમરનાં મણકાનો ઘસારો
- રોજીંદા જીવનમાં થતી ઈજા
- કસરતનો અભાવ
- ગાદીનું ખસી જવું
- વધારે વજન ઉંચકવું

## કમરનાં દુખાવાનું નિદાન

કમરનાં દુખાવાનું નિદાન ખૂબ જ અગત્યનું છે, કારણકે યોગ્ય નિદાન કરવાથી જ યોગ્ય સારવાર કરી શકાય છે. નિષ્ણાંત ડૉક્ટર એક્સ-રે, એમ.આર.આઈ. લોહીની તપાસ વગેરે વડે રોગનું નિદાન કરી શકે છે અને નિદાન મુજબ યોગ્ય સારવાર કરવાથી કમરનાં દુખાવામાં ફાયદો થાય છે.

## કમરનાં દુખાવાની સારવાર

**૧. દવાઓ અને કસરતઃ** શરૂઆતનાં તબક્કામાં દુખાવાની સારવાર દુખાવાની દવાઓ અને હળવી કસરતોથી કરવામાં આવે છે. જો આરામ થઈ જાય તો કસરતો ચાલુ રાખવામાં આવે છે.

**૨. ઈન્ટરવેન્શનલ પ્રોસિજર્સઃ** જો દવાઓ અને કસરતથી દુખાવામાં આરામ ન થાય તો ઈન્ટરવેન્શનલ ટેકનીક વડે દુખાવો દૂર કરવામાં આવે છે. ઈન્ટરવેશનલ ટેકનીક એ એક અદ્યતન પદ્ધતિ છે, તેમાં એક નાનકડી સોય વડે સારવાર કરવામાં આવે છે. તેમાં દુખાવાનાં સ્થાન ઉપર અથવા તો દુખાવો લઈ જતી નસ ઉપર સારવાર કરવામાં આવે છે. લીવવેલ હૉસ્પિટલ નિષ્ણાંત ડૉક્ટર આ સારવાર ખૂબ જ ચોક્સાઈ પૂર્વક કરી શકે છે.

### (A) ફેસેટ જોઈન્ટ બ્લોક

કમરમાં બે મણકા વચ્ચેનાં સાંધામાંથી ઉત્પન્ન થતો દુખાવો દૂર કરવા માટે, જે સાંધામાંથી દુખાવો થતો હોય તે સાંધામાં લાઈવ એક્સ-રે મશીનમાં જોઈ ઈન્જેક્શન આપવામાં આવે છે.

### (B) રેડિયો ફ્રિક્વન્સી એબલેશન

આ એક અદ્યતન પદ્ધતિ છે. આ પદ્ધતિ કમરનાં મણકા અથવા મણકાનાં સાંધામાં જ્યાં દુખાવો થતો હોય તે ભાગમાં રેડિયો ફ્રિક્વન્સીની સોય દાખલ કરવામાં આવે છે, ત્યારબાદ તેમાં રેડીયો ફ્રિક્વન્સી વેવ્સ દ્વારા દુખાવાની જગ્યા અને નસોને બ્લોક કરવામાં આવે છે. તેનાથી દુખાવો દૂર કરવામાં આવે છે.

### (C) ટ્રાન્સફોરામીનલ બ્લોક

દર્દીને કમરમાં નસની આજુબાજુ ઈન્જેક્શન આપવામાં આવે છે, જેનાથી નસ ઉપરનો સોજો દૂર થાય છે અને દુખાવો દૂર થાય છે.

## કમરના મણકા-ગાદીની ઑપરેશન વડે સારવાર

ઘણી વખત કમરની ગાદીમાં દબાણ ઘણું વધારે હોય છે. અથવા કમરના મણકા વાંકાચૂકા થઈ ગયા હોય છે. આવા સંજોગોમાં કમરની નસ દબાઈ જવાથી બંને પગમાં ઝણઝણાટી થાય, પગ ભારે લાગે અથવા પગ બહેરા થઈ જાય. આવા સંજોગોમાં કમરના મણકાનું ઑપરેશન કરવાની જરૂર ઊભી થાય છે. લીવવૅલ હૉસ્પિટલના નિષ્ણાંત સ્પાઈન સર્જનો દ્વારા કમર કે ગરદનના મણકા-ગાદીના દરેક પ્રકારના ઑપરેશન કરવામાં આવે છે.

## લીવવેલ હૉસ્પિટલમાં થતા મણકા-ગાદીના ઑપરેશન

- ગાદીનું નસ ઉપર થતું દબાણ
- મણકાના ઘસારા માટે ઑપરેશન
- ખસી ગયેલ મણકાના સ્ક્રુ પ્લેટ વડે ઑપરશેન
- જન્મથી વાંકા મણકાના ઑપરેશન
- ગરદનના મણકા-ગાદીના દરેક પ્રકારના ઑપરેશન
- મીનીમલી ઈનવેઝીવ સ્પાઈન સર્જરી

Scan for Video




## ગરદનનો દુખાવો - સ્પોન્ડાયલોસીસ (Neck Pain)

### સ્પોન્ડાયલોસીસ શું છે. ( ગરદનનો દુખાવો )

ગરદનનાં દુખાવાને સર્વાઈકલ સ્પોન્ડાયલોસીસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉંમરની સાથે થતો રોગ છે, પરંતુ ઘણી વખત આ રોગ યુવાન વ્યક્તિઓમાં પણ જોવા મળે છે.

### સ્પોન્ડાયલોસીસ લક્ષણો

- ગરદનનો દુખાવો
- માથાનો દુખાવો (પાછળનાં ભાગમાં)
- ગરદનનાં હલનચલનથી વધતો દુખાવો
- હાથમાં ઝણઝણાટી થવી
- ચક્કર આવવાં



### સ્પોન્ડાયલોસીસ સારવાર

**દવાઓ અને કસરત:** શરૂઆતનાં તબક્કામાં દવાઓ અને હળવી કસરત લાભદાયક બને છે. ડૉક્ટરની સલાહ હેઠળ દુખાવો ઓછો કરતી અને ગરદનમાં આવેલો સોજો ઓછો કરતી દવાઓ આપવામાં આવે તો ઘણી રાહત થાય છે.

### ઈન્ટરવેન્શનલ પ્રોસિજર્સ (Interventional Procedures)

જ્યારે દુખાવો દવાઓ અને કસરતથી દૂર ન થાય તો ઈન્ટરવેન્શનલ પ્રોસિજર્સ કરવામાં આવે છે. દુખાવો દૂર કરવા માટે આ બધી પ્રોસિજર એક નાનકડી સોયની મદદથી કરવામાં આવે છે. તેમાં લાઈવ એક્સ-રે મશીન (સી-આર્મ)નો ઉપયોગ કરવામાં આવે છે. લીવવૅલ હૉસ્પિટલના નિષ્ણાંત ડૉક્ટર આ પ્રોસિજર ઝડપથી અને ચોક્સાઈપૂર્વક પૂરી કરી શકે છે અને દર્દીને ઝડપથી આરામ થઈ જાય છે

### (1) સર્વાઈકલ એપીડ્યુરલ બ્લોક (Cervical Epidural Block).

સર્વાઈકલ એપીડ્યુરલ બ્લોકમાં ગરદનનાં જે ભાગમાં તકલીફ હોય તે ભાગમાં લાઈવ એક્સ-રે વડે ઈન્જેક્શન આપવામાં આવે છે તેથી તે ભાગમાં સોજો ઓછો થાય છે અને નસ ઉપરનું દબાણ ઓછું થતાં દુખાવો દૂર થાય છે.

### (2) રેડીયો ફ્રિકવન્સી એબલેશન (Radio Frequency Ablation)

આ એક અદ્યતન પદ્ધતિ છે. આ પદ્ધતિ ગરદનનાં જે મણકા અથવા મણકાનાં સાંધામાં દુખાવો થતો હોય તે ભાગમાં રેડીયો ફ્રિકવન્સીની સોય દાખલ કરવામાં આવે છે ત્યારબાદ તેમાં રેડીયો ફ્રિકવન્સી વેવ્સ વડે દુખાવાની જગ્યા અને નસોને બ્લોક કરવામાં આવે છે, તેનાથી દુખાવો દૂર થાય છે.

Scan for Video

## હાથની ઝણઝણાટી (Cervical Disc)

**હાથમાં થતી ઝણઝણાટી:** ગરદનની ગાદી ખસી જાય અને હાથમાં જતી નસો ઉપર દબાણ થાય ત્યારે હાથમાં ખાલી ચડી જાય છે.

### સર્વાઈકલ ડીસ્કના લક્ષણો

- ખભામાં, હાથમાં કે કોણી સુધીના ભાગમાં ખાલી ચડી જવી
- હાથમાં બળતરા થવી
- હાથ ભારે-ભારે લાગવો
- હાથમાં અશક્તિ લાગવી



### તપાસ

એક્સ-રે અને એમ.આર.આઈ. વડે તપાસ કરી કારણ નક્કી કરવામાં આવે છે.

### સારવાર


**૧. દવાઓ:** શરૂઆતના તબક્કામાં દવાઓ વડે સારવાર કરવામાં આવે છે.

**૨. ઈન્જેક્શન દ્વારા ( સર્વાઈકલ એપીડ્યુરલ )**

ઝણઝણાટી વધારે હોય અને દુઃખાવો વધારે થતો હોવાથી ગરદનના ભાગમાં ઈન્જેક્શન આપી સારવાર કરવામાં આવે છે. આ માટે લાઈવ એક્સ-રે મશીનમાં જોતા-જોતા ગરદનના જે ભાગમાં નસ દબાતી હોય તે ભાગમાં પ્રથમ ચામડી બહેરી કરવાનું ઈન્જેક્શન આપવામાં આવે છે.

ત્યારબાદ લાઈવ એક્સ-રેમાં જોઈ ઈન્જેક્શન વડે સારવાર કરવામાં આવે છે. ૧૫થી ૨૦ મિનિટમાં આ સારવાર પતી જાય છે અને નસની આજુ-બાજુનો સોજો ઓછો થઈ જતા દુઃખાવો પણ મટી જાય છે.

**ઑપરેશન:** જ્યારે ગરદનની નસોમા વધારે દબાણ હોય અને હાથમાં નબળાઈ આવી ગઈ હોય તેવા સંજોગોમાં ગરદનમાં ઑપરેશન કરવામાં આવે છે. આવા સંજોગોમાં ઑપરેશન કરી ગરદનમાં સ્ક્રુ પ્લેટ બેસાડવામાં આવે છે.




Scan for Video

# ટ્રાયજેમીનલ ન્યુરાલજિયા
# (Trigeminal Neuralgia)

ટ્રાયજેમીનલ ન્યુરાલજિયા એ મગજની પાંચમાં નંબરની નસ ઉપર દબાણ આવવાથી થતો દુખાવો છે. આ રોગમાં ચહેરા ઉપર અતિશય દુખાવો થાય અને ઘણા દર્દીઓ દુખાવાનાં લીધે આત્મહત્યા કરવા પ્રેરાય છે. તેથી આ રોગને સ્યુસાઈડલ ડીસીઝ (Suicidal Disease) તરીકે પણ ઓળખાવામાં આવે છે.

## ટ્રાયજેમીનલ ન્યુરાલજિયાના લક્ષણો


- ચહેરાનાં એક ભાગ ઉપર દુખાવો.
- કરંટનાં ઝાટકા જેવો દુખાવો.
- અડવાથી, બ્રશ કરવાથી, જમવાથી, પાણી પીવાથી દુખાવો થાય છે.
- બે સેકન્ડથી લઈ બે મિનિટ સુધી દુખાવો રહે છે.
- દિવસ અને રાત દરમિયાન ઘણો જ દુખાવો થાય છે.
- દાઢી ઉપર, નાક ઉપર, ગાલ ઉપર કે ઘણી વખત આંખોની આજુ બાજુ દુખાવો થાય છે.


## ટ્રાયજેમીનલ ન્યુરાલજિયાની સારવાર

**૧. દવાઓ:** શરૂઆતનાં તબક્કામાં દવાઓથી સારવાર કરવાંમાં આવે છે. આ માટે Tegrital Mazetol જેવી દવાઓનો ઉપયોગ કરી દુખાવો કાબૂમાં લેવામાં આવે છે.

**૨.રેડિયો ફ્રીકવન્સી એબલેશન (Radio Frequency Ablation)**

મોટાભાગનાં કિસ્સાઓમાં દુખાવો એટલો વધારે હોય છે કે દવાઓ વડે દુખાવો કાબૂમાં આવતો નથી. આવા કિસ્સાઓમાં રેડિયો ફ્રિકવન્સી એબલેશન વડે સારવાર કરવામાં આવે છે.




લીવવેલ હૉસ્પિટલના નિષ્ણાંત ડૉક્ટર આ પ્રકારના ઘણા દર્દીની સારવારનાં અનુભવ ધરાવે છે. રેડિયો ફ્રિકવન્સી એબલેશન પ્રોસિજરમાં ચામડી બહેરી કરીને સારવાર કરવામાં આવે છે. તેમાં સી.ટી. સ્કેન મશીનની મદદ વડે સારવાર કરવામાં આવે છે. રેડીયો ફ્રિકવન્સીની સોયને ટ્રાયજેમિનલ નસ સુધી લઈ જવામાં આવે છે. ત્યારબાદ જે ચોકક્સ નસનાં લીધે દુખાવો થતો હોય તેને સ્ટીમ્યુલેશન વડે નક્કી કરવામાં આવે છે, પછી રેડિયો ફ્રિકવનસી કરન્ટ વડે ચોક્કસ નસો બ્લોક કરવામાં આવે છે અને દર્દી દુખાવાથી મુક્ત થાય. આ સારવાર લગભગ ૩૦ થી ૪૦ મિનિટમાં પૂરી થઈ જાય છે.

Scan for Video



## ખભાનો દુખાવો (Frozen Shoulder)

### ફ્રોઝન શોલ્ડર એટલે શું?

સાદી સમજ પ્રમાણે ખભો જકડાઈ જવો તેને ફ્રોઝન શોલ્ડર કહેવામાં આવે છે. ખભાને હલનચલન કરવા માટેના સ્નાયુઓમાં સોજા આવે કે કોઈ ઈજા થાય એટલે ખભો જકડાઈ જાય છે.

### ફ્રોઝન શોલ્ડર લક્ષણો

- ખભામાંથી હાથ ઉંચો ના થવો
- હાથ ઉંચો થતી વખતે ખભામાં દુ:ખાવો થવો
- માથું ઓળવામાં કે કામ કરવામાં તકલીફ પડે છે
- હાથ પાછળ કમરની તરફ ના જવો
- રાત્રે ઉંઘમાં પણ ખભામાં લપકારા મારવા

### ફ્રોઝન શોલ્ડર કારણો

મોટાભાગના કેસમાં ફ્રોઝન શોલ્ડરનું કોઈ કારણ જોવા નથી મળતું. પરંતુ આ રોગ શિયાળામાં વધારે જોવા મળે છે. આ ઉપરાંત ખભામાં ઈજા થવાથી કે વાગવાથી આ રોગ થઈ શકે છે. ડાયાબિટીસના દર્દીઓને આ રોગ વધારે જોવા મળે છે.

### ફ્રોઝન શોલ્ડર તપાસ

એક્સ-રે, સોનોગ્રાફી, એમઆરઆઈ જેવા ટેસ્ટ દ્વારા ફ્રોઝન શોલ્ડરની તપાસ કરવામાં આવે છે.

### સારવાર

**(૧) દવાઓ અને કસરત:** શરૂઆતના તબક્કામાં દુ:ખાવાની દવાઓ અને ફિઝિયોથેરાપીની કસરતથી સારવાર કરવામાં આવે છે.

**(૨) મોબીલાઈઝેશન:** અમુક વખતે દર્દીને બેભાન કરીને ખભાને જોરથી હલાવી સારવાર કરવામાં આવે છે. જેનાથી ખભાના સ્નાયુઓ છૂટા પડે છે અને નોર્મલ મૂવમેન્ટ આવે છે.

Scan for Video



**(૩) પેઈન મેનેજમેન્ટ દ્વારા સારવાર:** પેઈન મેનેજમેન્ટમાં ખભા જકડાઈ ગયા હોય તેને એક્સ-રે મશીનમાં જોઈ તેમાં ખાસ પ્રકારના જેલના ઈન્જેક્શનથી સાંધામાં ઘર્ષણ ઓછું થાય છે. આ સાથે સાથે જેલ સાંધામાં રહે તો સોજો ઓછો કરે છે અને સાંધાની મુવમેન્ટ સરળ બનાવે છે. મોટાભાગના ફ્રોઝન શોલ્ડરના પેશન્ટને આવા પ્રકારની ટ્રીટમેન્ટથી મટી જાય છે.ઘણી વખત ગરદનમાં નસ દબાવાથી પણ આ પ્રકારની તકલીફ થતી હોય છે. તો ગરદનમાં પણ આ પ્રકારની તકલીફ થતી હોય છે. ત્યારે ગરદનમાં પણ સારવાર કરવાની જરૂર પડે છે. આ માટે સર્વાઈકલ એપીડ્યુરલના ઈન્જેક્શન આપવામાં આવે છે.

**(૪)ઓપરેશન વડે સારવાર:** ફ્રોઝન શોલ્ડરના અમુક કિસ્સામાં ખભાના સાંધામાં દૂરબીન નાંખી ઑપરેશનથી સારવાર કરવામાં આવે છે.

## કેન્સરનો દુખાવો (Cancer Pain)

કેન્સરના રોગના દરેક તબક્કામાં દર્દી દુ:ખાવાથી પીડીત હોય છે. કેન્સરના જુદા-જુદા તબક્કામાં કેન્સર ટ્રીટમેન્ટની સાથે સાથે જુદી-જુદી દુ:ખાવાની દવાઓની જરૂરિયાત રહે છે. દુ:ખાવાની દવાઓથી કેન્સરનો દુ:ખાવો જો કાબૂમાં ન આવે તો કેટલીક વખત ઈન્ટરવેન્શનલ પ્રોસિજર્સ કરવામાં આવે છે. લીવવૅલ હૉસ્પિટલમાં થતી આ બધી ઈન્ટરવેન્શનલ પેઈન પ્રોસિજર્સનો મુખ્ય હેતુ દર્દીને આરામદાયક-દુ:ખાવાથી મુક્ત જીવન આપવાનો હોય છે. લીવવૅલ હૉસ્પિટલમાં કેન્સરના દુ:ખાવા માટેની બધી જ પ્રોસિજર થઈ શકે છે. અહીં અમે નિયમિતરૂપે આ બધી પ્રોસિજર દ્વારા કેન્સરના દર્દીઓને દુ:ખાવા મુક્ત જીવન આપવાનો પ્રયત્ન કરીએ છીએ.

### મુખ્યત્વે કયા કેન્સર ના દુખાવામાં પ્રોસિજર થાય

- સ્વાદુપીંડનું કેન્સર
- પેટના અન્ય ભાગના કેન્સર
- છાતીના ભાગમાં થતા કેન્સરના રોગ
- મોં અને જડબાના ભાગમાં થતો કેન્સરનો દુ:ખાવો
- પેન્ક્રીયાઝનું કેન્સર
- ગર્ભાશયનું કેન્સર
- આંતરડાનું કેન્સર

### પેલીએટીવ કેર

આ ઉપરાંત અન્ય ઘણાં પ્રકારના દુ:ખાવામાં જેમ કે, ઘણી વખત કેન્સરના રોગના અંતિમ તબક્કામાં કેન્સરનો રોગ શરીરના ઘણાં ભાગમાં ફેલાઈ ગયા હોય ત્યારે દર્દીને ખૂબ જ દુ:ખાવો થતો હોય છે. આ સમયે લીવવૅલ હૉસ્પિટલમાં દર્દીને દુ:ખાવો બંધ થાય તેવી બધી જ જરૂરી દવાઓ આપવામાં આવે છે. આ ટ્રીટમેન્ટને પેલીએટીવ કેર તરીકે ઓળખવામાં આવે છે.

Scan for Video

# ઢીંચણનો ઘસારો - દુ:ખાવો (Knee Pain)

આજ-કાલ ઢીંચણનો દુ:ખાવો ખૂબ જ વધારે પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. નાની ઉંમરના માણસો પણ ઢીંચણના ઘસારાનો ભોગ બને છે.

## ઢીંચણના ઘસારાના લક્ષણો:

- ઢીંચણની આજુ-બાજુ દુ:ખાવો થવો
- ચાલતી વખતે ઢીંચણમાં દુ:ખાવો થવો
- પગમાં લબકારા મારવા, પગ સીધો કરતી વખતે ઢીંચણમાં દુ:ખાવો થવો.

## તપાસ:

મોટા ભાગના કિસ્સામાં એક્સ-રે વડે તપાસ કરી ઢીંચણના ઘસારાનો પ્રકાર નક્કી કરવામાં આવે છે. અમુક જ કિસ્સામાં એમ.આઈ.આર.ની જરૂર પડે છે.

## સારવાર:

**૧. દવાઓ અને કસરત:** શરૂઆતના તબક્કામાં દવાઓ અને કસરત વડે સારવાર કરવામાં આવે છે.

**૨. પેઈન મેનેજમેન્ટ વડે સારવાર:** ઢીંચણની ગાદીમાં ઘસારો પડ્યો હોય અને ઢીંચણના સાંધાની જેલી સુકાઈ ગઈ હોય તેવા કિસ્સામાં ઢીંચણમાં જેલીના ઈન્જેક્શન આપવામાં આવે છે.

ઢીંચણમાં જેલીના ઈન્જેક્શન આપવાથી ઢીંચણના બે હાડકા વચ્ચે ઘર્ષણ ઓછુ થાય છે. અને સોજા ઓછા થતા જાય છે. જરૂર પડે તો ફરીથી પણ જેલીના ઈન્જેક્શન આપી શકાય છે.

## દૂરબીન વડે સારવાર:

ઢીંચણના અંદરના સ્નાયુઓ (લીગામેન્ટસ) તૂટી ગયા હોય તેવા કિસ્સામાં ઢીંચણમાં દૂરબીન વડે સારવાર કરવામાં આવે છે. આ માટે ઢીંચણમાં દૂરબીન દાખલ કરી ઑપરેશન વડે સ્નાયુઓ સાંધી દેવામાં આવે છે અથવા જરૂર પડે તેવી સારવાર કરવામાં આવે છે.

## ઢીંચણના સાંધા બદલવાના ઑપરેશન:

જ્યારે ઢીંચણમાં ઘસારો વધારે હોય તેવા સંજોગોમાં લીવવૅલ હૉસ્પિટલના નિષ્ણાંત ડૉક્ટર્સ દ્વારા સાંધા બદલવાના ઑપરેશન કરવામાં આવે છે.

Scan for Video




# Testimonials

### કાંતાબેન પટેલ (ધમાસણા ગાંધીનગર)




મને બે ચાર વર્ષથી ઘૂંટણમાં દુખાવાની તકલીફ હતી. સવારથી લઈને સાંજ સુધીમાં આખા દિવસ દરમિયાન દુખાવો થયા કરતો ચાલવામાં પલાઠી વાળીને બેસવામાં તકલીફ થતી હતી.લીવ વેલ હોસ્પિટલમાં મેં ઘૂંટણના સાંધા નું ઓપરેશન કરાવ્યું બીજે દિવસથી હું ચાલતી થઈ ગઈ. ઘૂંટણમાં દુખાવો જતો રહ્યો નસો ખેંચાઈ જતી હતી તે જતી રહી. આજે હું પલાઠી વાળીને પણ નીચે બેસી શકું છું ચાલી પણ શકું છું ઉઠવા બેસવામાં પણ હવે કોઈ તકલીફ રહી નથી.

### પ્રહલાદભાઈ પટેલ (વિસનગર)



મને દસ વરસથી મોઢા ઉપર કરંટના ઝટકા આવતા હતા. પાણીના તરંગોની જેમ મોઢાના આગળના ભાગમાં દુ:ખાવો આવતો હતો. હું એટલો કંટાળી ગયો હતો કે આત્માહત્યા કરવાનો વિચાર પણ આ. આવવા માંડ્યો. દુખાવાનો કોઈપણ ટાઈમ ન હતો એ ક્યારેક રાત્રે ઊંઘમાં પણ આવે અને દુખાવો થાય એટલે હું રડયા કરું બોલી ના શકાય શું કરી નાખું? કંઈ સમજાય નહી. હિતેશ પટેલ દ્વારા કરંટના ઝાટકા માટે મોઢા ઉપર ઈન્જેક્શનની સારવાર કરવામાં આવી મને કોઈ પણ પ્રકારની હાલ કોઈપણ તકલીફ નથી દુખાવાનો કોઈપણ અણસાર પણ સાઈડ સુઈ શકો હવે ગુસ્સો પણ નથી આવતો. કોઈપણ સાઈડ ખાઈ પી શકાય કરંટના ઝટકાનું મારું બધું જ દુ:ખ જતું રહ્યું.

### કાલુરામ પ્રજાપતિ, (બાડમેર, રાજસ્થાન)



મને ૨૦૧૫ માં ગરદનના દુખાવાની તકલીફ થતી હતી.ગરદનમાં મારી નસ દબાતી હતી. દુખાવો એટલો વધારે હતો કે હું ૧૦ થી ૧૫ મિનિટ વધારે સૂઈ પણ ના શકાય. કોઈ કામ પણ થઈ ના શકે.૪૦ દિવસ સુધી હું સૂઈ પણ શકયો નહિ. ડો. હિતેશ પટેલ ધ્વારા ગરદન માં ઈન્જેક્શન ની મૂક્યા પછી એક જ કલાક માં આરામ થઈ ગયો હતો. હવે હું બધું જ કામ કરી શકું છું. મને હવે કોઈ તકલીફ નથી.


# Testimonials



### ડો. ચંદ્રેશ આર ભટ્ટ, મોરબી

કમરમાં અસહ્ય દુખાવો હતો. પગથિયા ચડી ના શકાય, કમરમાંથી વળી ગયો હતો. કંઈ કામ કરો તો ખુરશીના સહારે જ થઈ શકે. લીવવેલ હોસ્પિટલની જાણ થતા કમરના મણકામાં થઈ ગઈ છે ડોક્ટર હિતેશ પટેલ દ્વારા કમરના મણકામાં સિમેન્ટ પુરાવ્યો. કોઈપણ સહારા વગર ચાલી શકું છું મારી દરેક પ્રવૃત્તિ કરી શકું છું. દાદર પણ ચડી શકું છું. હવે જીવવાનો આનંદ આવી રહ્યો છે.

### હરસુખભાઈ (કચ્છ ભુજ)



બે ત્રણ મહિનાથી ઘુટણમાં દુખાવો થતો હતો. ઘૂંટણના દુખાવાને કારણે સવારમાં ઉઠી શકાતું નહોતું કે ચાલી શકાતું. ફોરેસ્ટ ઓફિસર હોવાના કારણે ફિલ્ડમાં વધારે કામ થતું હતું. લીવ વેલ હોસ્પિટલ ડોક્ટર હિતેશ પટેલ દ્વારા ઘૂંટણમાં જેલના ઈન્જેક્શન આપવામાં આવ્યા. ઘૂંટણમાં ઈન્જેક્શન લીધા પછી સારી રીતે દુખાવા રહિત ચાલી શકાય છે. ખાલી કસરતો કરું છું અને મારા ફિલ્ડ વર્ક માં કામ કરી શકું છું. નીચે પલાઠી વાળીને પણ બેસી શકું છું હવે પગ જમવા માટે લાંબો કરવો નથી પડતો.



### હર્ષદભાઈ પટેલ (ડરણ કડી)

છેલ્લા બે વર્ષથી મને સાયટીકાની તકલીફ હતી. કમરના ભાગથી લઈને પગના પંજા સુધી સતત દુખાવો રહે તથા નસો ખેંચાતી હતી. તો કમરમાં કાંટા વાગતા હોય એ પ્રકારનું દુઃખતું હતું તો પડી જાય પગમાં ઝંઝણાટી થાય. ખેતરમાં કામ પણ કરી શકાય નહીં. દુખાવાના લીધે ઊંઘ પણ આવે નહીં.લીવવેલ હોસ્પિટલમાં હિતેશ પટેલ દ્વારા મારી કમરની ગાદી નું દૂરબીન વડે ઓપરેશન કરવામાં આવ્યું. પછી હું ખેતી કામ પણ કરી શકું છું નોર્મલ એક્ટિવિટી મારી બધી કરી શકું છું. હવે કોઈ પગ ભારે થતો શકતો નથી . પલાઠી પણ વાળી શકું છું . ઉઠ બેસ પણ વધારે કરું છું.

### શર્મિષ્ટાબેન પંચાલ (સંતરામપુર, મહીસાગર)



મને કમરમાં તકલીફ થતી હતી. સતત પગમાં ઝણઝણાટી થયા કરે ચાલી, ઉભા, બેસી, સૂઈ શકાય નહીં. મારુ રોજિંદુ કામ પણ હું કરી ન શકું. લિવવેલ હોસ્પિટલની મને જાણ થતા ૨૦૧૭ ની સાલમાં મેં કમરમાં ઈન્જેક્શન મુકાવ્યું હતું. ૨૦૨૩ માં પણ હું હું મારી બધી જ પ્રવૃત્તિ નોર્મલ કરી શકું છું ઉભા રહેવામાં અને ચાલવામાં કોઈ તકલીફ નથી પગમાં પણ હવે કોઈ ઝણઝણાટી થતી નથી.

# Testimonials

### ઉષાબેન શાહ (સુરત)




મને બે મહિનાથી કમરથી લઈને પગ સુધીમાં દુખાવો થતો હતો. ધીરે ધીરે દુખાવો એટલો વધી ગયો કે બ્રશ કરવા માટે પણ કમરમાંથી આખી વળી જતી હતી ના તો સુઈ શકાય કે ના તો બેસી શકાય ચાલવાનું પણ બંધ થઈ ગયું હતું. ઘણી દવા કરાવી પણ સારું થયું નહીં ડોક્ટર હિતેશ પટેલ દ્વારા કમરના સ્ક્રુ પ્લેટ વડે ઓપરેશન કરવામાં આવ્યો. મને ડર વધારે લાગ્યો હતો. પણ મને ઓપરેશન પછી કોઈ જ દુખાવો નથી તેવું લાગ્યું હતું. બેસી બેસીને ચાલતી નથી સારી રીતે ચાલી શકું છું બધું જ કામ હું નોર્મલ કરી શકું છું. પેન કિલર દવા ઈન્જેક્શન વધારે મેં પહેલા લીધા હતા હવે કોઈપણ ઈન્જેક્શન કે દવાની મને જરૂર નથી. થેંક્યુ ડોક્ટર હિતેશ પટેલ જેમણે મારું ઓપરેશન ટાકા વગર કરીને મને આરામથી સરસ ચાલતી કરી દીધી.

### સોનલબેન પટેલ (શીલજ, અમદાવાદ)



મને પાછો મહિનાથી ખભામાં દુખાવો થતો હતો. ઉઠવામાં પણ તકલીફ થતી હતી. ખભામાં દુખાવાના લીધે કડતર પણ થતી હતી. ઘરના કે મારા પોતાના રોજના કામમાં તકલીફ થતી હતી. ડોક્ટર હિતેશ પટેલ દ્વારા ખભામાં ઈન્જેક્શન થી સારવાર કરવામાં આવી. ૨૦૨૧ માં ખભામાં ઈન્જેક્શન લીધું હતું. ૨૦૨૩ સુધીમાં મને એવું લાગ્યું જ નથી કે ખબરમાં કોઈ દુખાવો હોય. હું પોતાનું કામ ઘરનું કામ હું બધું જ કરી શકું છું. હવે કરતર પણ થતી નથી સુવામાં કે ઊઠવામાં હવે કોઈ તકલીફ નથી.



### અલ્પેશભાઈ પટેલ (અડાલજ, અમદાવાદ)

મને ગરદનના સાઈડના ભાગમાં દુખાવો થતો હતો. ના લીધે હું હરી ફરી ના શકું જમી ના શકું કંઈ કામ ના કરી શકું આખો દિવસ ગરદનથી લઈ હાથ સુધી દુખાવો થતો હતો. ગરદનના દુખાવાના કારણે હું ૧૫ થી ૨૦ દિવસ સુધી સૂઈ શક્યો નથી. થોડી લકવાની પણ અસર થઈ ગઈ હતી. લીવ્સ હોસ્પિટલ ડોક્ટર હિતેશ અને ત્યાં મેં ગરદનનું ઓપરેશન કરાવ્યું. આજે બે વર્ષ થઈ ગયા છે મને કોઈ પણ પ્રકારની તકલીફ નથી હું વજન પણ ઊંચકી શકું છું હરી ફરી શકું છું કોઈપણ જાતની હવે કડતર પણ થતી નથી અને હું નોર્મલ બધી જ પ્રવૃત્તિ હવે કરું છું.